**માતૃભાષામાં શિક્ષણ પ્રાપ્ત કરવું એ પ્રત્યેકનો જન્મસિદ્ધ અધિકાર છે..... ગાંધીજી**

# ગુડાની રાયસણ સ્થિત આવાસ યોજનામાં છેલ્લા ત્રણ દિવસથી પાણી આવતુ નથી

ગાંધીનગર તા ૨૦

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્માણ કરાયેલી પંડિત દિન દયાળ આવાસ યોજનાના મકાનોમાં વારંવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. અગાઉ પણ રાયસણ સ્થિત આવાસ યોજનામાં પાણી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો હતો. જયારે હાલ પણ છેલ્લા બે દિવસથી પાણી ન આવતા રહીશો પરેશાનીમાં મુકાયા છે. આવાસ યોજનામાં પાણીની યોગ્ય સુવિધા ઉપલબ્ધ થાય તે માટે ત્વરિત પગલા લેવા માટે સ્થાનિક રહીશોએ પ્રબળ માંગ કરી છે.

ગુડા દ્વારા રાયસણ ,ચિલોડા અને અડાલજના વિસ્તારમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસો બાંધવામાં આવ્યા છે. ગુડા દ્વારા આ દરમિયાન ૧૧૪૦ જેટલા મકાનો તૈયાર કરવામાં આવ્યા હતા. તબક્કાવાર આ આવાસોનો કબજો પણ લાભાર્થીઓએ મેળવી લીધો છે. જયારે ગુડા દ્વારા અન્ય વિસ્તારમાં નવી આવાસ યોજના તૈયાર કરવાની દિશામાં પણ ગતિવિધિઓ આરંભી દિધી છે.પરંતુ ગુડાની પ્રથમ આવાસ યોજનામાં માળખાગત સુવિધાઓની વ્યવસ્થા ખોરવાઈ છે. આ વિસ્તારમાં સ્થિત આવાસોમાં પાણીની પોકાર છાશવારે ઉઠવા પામે છે. જયારે આ આવાસોનુ કામ પણ પુર્ણ થતા છેલ્લા એક વર્ષથી મોટાભાગના આવસોમાં હાલ રહીશોનો વસવાટ છે. પરંતુ વારંવાર પાણીનો પ્રશ્ન ઉઠતા દિન દયાળ યોજનાના રહીશો તોબા પોકારી ગયા છે. આ આવાસ યોજનામાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના પરિણામે નાગરિકોન પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ગુડાની આવાસ યોજના અન્વેય આમ નાગરિકોને સઘળી સુવિધા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હોવાછતા પાણીની સમસ્યાથી સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. આવાસ યોજનાના રહીશોની સમસ્યાને ડામવા માટે ગુડા તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેમ પણ રજુઆતમાં જણાંવાયુ છે.

## આવતીકાલે સ્થાયી સમિતિની મહત્વની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

બુધવારે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક મનપાની કચેરી ખાતે મળશે.

આ બેઠકમાં નવ જેટલી બાબતો પર ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત વાઈ-ફાઈ સુવિધા પછી મનપાની કચેરીમાં પી.એમ.સી.ની નિમણુંક કરવા તેમજ સ્માર્ટ સીટી દરખાસ્ત-૩ તૈયાર કરવા કન્સલટન્સની નિમણુંક કરવા બાબતે, વિવિધ કચેરીઓમાં સિક્યોરીટી ગાર્ડસ મુકવા બાબતે ઈજારો આપવા સહિતના મુદ્દાઓનો સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત અમલીકરણ અને પ્રોજેક્ટ મોનીટરીંગ માટેની દિશામાં તંત્ર આગળ વધી રહેલ છે ત્યારે પી.એમ.સી. નિમણુંક મહત્વની બની રહેશે.

આ ઉપરાંત પેવર બ્લોક માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન અંગે એજન્સીની નિયુક્તી પણ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મનપાના બજેટમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટના બીજા તબક્કાના અમલીકરણ માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે જે ઉલ્લેખનીય છે.

## ઉવારસદમાં સાદા ઝાડાના કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર નજીક આવેલ ઉવારસદ ગામમાં આજે પાંચથી સાત જેટલા સાદા ઝાડાના કેસો નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ગરમીનો પારો જે રીતે ઉંચકાઈ રહ્યો છે ત્યારે પાણીજન્ય રોગચાળાએ જિલ્લામાં આગમન કરતાં તંત્ર ચિંતીત બન્યુ છે. ગાંધીનગર શહેર નજીકના ઉવારસદ ગામમાં નોંધાયેલા કેસમાં દર્દીઓની સ્થિતિ સારી હોવાનું જાણવા મળેલ છે.

ગરમીમાં સાવચેતીના પગલાંઓ અંગે લોક જાગૃતિ અભિગમ છેડવાનું તંત્ર વિચારી રહેલ છે. તંત્રએ ઉવારસદમાં સર્વેલન્સ અને પાણીના નમૂના મેળવી અને તપાસની કામગીરી હાથ ધરી છે. નોંધાયેલા કેસો છુટાછવાયા વિસ્તારમાં હોવાનું પણ જાણવા મળેલ છે.

## આપના ૧૫૦થી વધુ કાર્યકરોની અટકાયત

### સીએમ હાઉસના ઘેરાવના કાર્યક્રમમાં આવેલ કાર્યકરોને અક્ષરધામ અને સેકટર-૨૦ના આંતરીક માર્ગ પરથી પોલીસે અટકાયત કરી

નલિયાકાંડને પગલે આજે કોંગ્રેસની બેટી બચાવો યાત્રા આજે ગાંધીનગરમાં આવી પહોંચી હતી. નલિયાકાંડને પગલે પિડીતાને ન્યાય મળી રહે તે માટે કોંગ્રેસ આક્રમક મુડમાં જણાય છે. ત્યારે બીજીતરફ આપ પાર્ટી દ્વારા પણ આજે મુખ્યમંત્રીના નિવાસ સ્થાનને ઘેરાવનો કાર્યક્રમ આપ્યો હતો.



જેમાં આપના કાર્યકરો અક્ષરધામ અને સેકટરોમાં એકઠા થયા હતા. પરંતુ પોલીસે સવારથી જ સત્યાગ્રહ છાવણી અને અક્ષરધામ પાસે સઘન બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પોલીસની આજે બે સ્થળોએ કપરી પરિક્ષા થઈ હતી. ત્યારે બપોરના સુમારે મુખ્યમંત્રીના નિવાસસ્થાનને ઘેરાવના કાર્યક્રમને પગલે આપ પાર્ટીના અક્ષરધામ પાસે ભેગા થયેલા ૧૫૦ થી વધુ કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. જયારે અન્ય પોલીસ જોઈને ભાગી ગયેલા કાર્યકરોની સેકટરોના આંતરીક માર્ગ પરથી અટકાયત કરી દેવાઈ હતી.પરંતુ કાર્યકરોએ જોરદાર સુત્રોચ્ચાર અને દેખાવોકર્યા હતા.

## નિરપેક્ષ નેતૃત્વ નિરંતર વિકાસની નવી પરિભાષા એ રાજ્યની નવી ઓળખ બની છે : રાજ્યપાલશ્રી

### રાજ્યપાલશ્રીના ગૃહના સંબોધનમાં ગાંધીનગરની સિદ્ધિઓ દર્શાવાઈ

ગાંધીનગર, તા. ૨૦

નિરપેક્ષ નેતૃત્વ નિરંતર વિકાસની નવીન પરિભાષા ગુજરાતમાં અંકિત થઈ રહી હોવાની વાત સાથે માનવીય સંવેદનાથી ધબકતી આર્થિક પ્રગતિ અને માનવ શક્તિના વિકાસને વરેલી મારી સરકારે સામાન્ય માનવીની સર્વાંગી સુખાકારી, પાયાની જરૂરિયાતોની પૂર્તિ અને રાજ્યની વિકાસયાત્રામાં તમામ નાગરિકોની ભાગીદારીના કલ્યાણ ધ્યેય સાથે સતત કાર્યરત છે તેમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ રાજ્ય વિધાનસભાના સંબોધનમાં આ વાત કહી છે.

તેમણે રાજ્ય સરકારે હાંસલ કરેલી વિવિધ ઉપલબ્ધિઓનો વિસ્તારે તેમના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો છે. તેમણે સરકારના કૃષિલક્ષી અભિગમને પણ બિરદાવ્યો હતો.

રાજ્યમાં ૧૮ હજાર ગામોને આવરી લેતાં ૩૦૦થી વધુ ડેટા આઈટમ્સની અદ્યતન વિગતો સાથે વિલેજ પ્રોફાઈલ તાલુકા પ્લાનીંગ એટલાસ તૈયાર કર્યાનો ઉલ્લેખ કરી



પ્રવચનમાં જણાવ્યુ છે કે આ બાબતને રાષ્ટ્રીય કક્ષાએ ૪ એવોર્ડ પ્રાપ્ત થયા છે.

તેમણે જણાવ્યુ છે કે રાજ્યના લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચિ વધે તે માટે સાયન્સ સીટીમાં રૂ. ૩ કરોડના ખર્ચે રોબોટીક્સ અને એક્વેટીક લાઈફ સાયન્સ ગેલેરીની સ્થાપનાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતુ કે ગાંધીનગર સ્થિત બામસેગ દ્વારા કેન્દ્ર સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયની ૩૨ ચેનલોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

રાજ્યના સંતુલિત વિકાસની દિશામાં કુદરતી સંપદાના સુયોગ્ય ઉપયોગ માટે ગુજરાત ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન રૂલ્સ-૨૦૧૬ પ્રસિદ્ધ કરાયા છે તેમજ ખનીજસભર ૩૨ જિલ્લાઓમાં ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશનની રચના કરાઈ છે અને તેમાં રૂ. ૧૦૩ કરોડ જમા થયા છે. રાજ્યમાં ૫૨ ઔદ્યોગિક એકમો ઈનોવેટીવ પ્રોજેક્ટસ તરીકે કાર્યરત છે.

રાજ્યના પાટનગર ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અંતર્ગત એશિયાની પ્રથમ અદ્યતન ફાયરિંગ રેન્જની સ્થાપના કરવામાં આવી છે. આ યુનિવર્સિટી, કે જેને એસોસિએશન ઓફ કોમનવેલ્થ યુનિવર્સિથીનું સભ્યપદ મળ્યું છે, તેને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા ‘એ’ ગ્રેડ આપવામાં આવ્યો છે. આંતરિક સુરક્ષાના વણખેડાયેલા ક્ષેત્રો સર કરવાના હેતુથી રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા આ વર્ષે ક્રિમીનોલોજી વિષયમાં એમ.ફીલ અને પી.એચડી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

## વિજય રૂપાણીમાં ‘પાણી કયાંય દેખાતુ નથી’ : ભરતસિંહ સોલંકી

### ભાજપના ચાલ, ચલન અને ચરિત્ર જુદા છે : સિધ્ધાર્થ પટેલ

ગાંધીનગર, તા.૨૦

નલિયા પિડીત યુવતિનો નાર્કો ટેસ્ટ કરાવવામાં આવે તો ૩૦થી વધુ દુષ્કર્મના કેસ બહાર આવે તેવી શકયતા છે અને નલિયાથી ગાંધીનગર રેલો આવી શકે છે. રાજય સરકારના મુખ્યમંત્રી વિજય રૂપાણીમાં પાણી ક્યાંક દેખાતું નથી. ગુજરાત રાજયના નાગરીકો કેટલીવાર છેતરાઈ ગયા...કેમ છેતરાઈ ગયા તે હજુ સુધી કોઈ પણ પ્રજાજનને સમજાતું નથી. ભાજપમાં મોંઘવારીએ માઝા મુકી છે તેમજ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિન પ્રતિદિન કથળી રહી છે તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી આજે ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આયોજીત બેટી બચાવો સભા દરમિયાન કહ્યું હતું. તેમણે ભાજપને આડેહાથ લેતા જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી મોટા અવાજે ચરિત્રની વાતો કરે છે. પરંતુ આ નલિયાકાંડ કોંગ્રેસે નહીં પરંતુ તેમના જ લોકોએ બહાર પાડ્યું છે. બે કરોડ યુવાનોને નોકરીઓ અને ભ્રામક વાતોથી રાજયની પ્રજા છેતરાઈ ગઈ છે પરંતુ આગામી ચુંટણીમાં નહીં છેતરાય. જયારે સરકારના સુજલામ સુફલામ અને જીએસપીસીના કરોડો રૂપીયાના કૌંભાડ હજુ સુધી બહાર આવ્યા નથી. ત્યારે રાજય સરકાર ઉદ્યોગપતિને ફાયદો કરાવી રહી છે



તેમ જણાવ્યું હતું.

જયારે બેટી બચાવો યાત્રાના સભા સ્થળે ઉપસ્થિત પૂર્વ પ્રદેશ પ્રમુખ સિધ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે કે પક્ષની સરકાર ગુજરાતમાં અને દિલ્હીમાં સત્તા પર છે તે પક્ષના પ્રશિક્ષણ વર્ગમાં આવી ઘટના બને તે અત્યંત શરમજનક છે. નલિયામાં ૪૦ વધુ દિકરીઓનું એક વર્ષ સુધી શોષણ ભાજપના આગેવાનો અને હોદેદારોએ કર્યું છે. ગુજરાતની ભુમિ પર બહેન-દિકરીઓ પોતાની જાતને સુરક્ષિત મહેસુસ નથી તેમ કહી ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપના કાર્યકરોથી આપણી દિકરીઓને બચાવવી પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ભાજપના ચાલ, ચલન અને ચરિત્ર જુદા છે. સરકાર ભ્રષ્ટ આગેવાનો સામે ઘુંટણીયે પડી ગઈ છે. આ રાજકીય લડાઈ નથી ગુજરાતના ગૌરવની અને અસ્મિતાની લડાઈ છે. નલિયાકાંડમાં ન્યાય અપાવવા માટે સંઘર્ષ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી તેમ જણાવી પોતાની વાત પુરી કરી હતી. આ સમયે મંચ પર કોંગ્રેસના પૂર્વ મંત્રીઓ, ધારાસભ્યો, તાલુકા-જિલ્લા પંચાયત અને પાલિકાના પ્રમુખો,આગવાનો, હોદેદારો સહિત હજ્જારો કાર્યકરો ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે હાજર હતા અને વિધાનસભા ઘેરાવ માટે કુચ કરી હતી. પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ પણ થવા પામ્યું હતું. પોલીસે હજ્જારો કાર્યકરોની અટકાયત કરી હતી. જયારે કોંગ્રેસની બેટી બચાવો સભા બપોરે ૨ વાગ્યાના અરસામાં પૂર્ણ થઈ હતી.

## બેટી બચાવો યાત્રાની સાથે સાથે....

- કોંગ્રેસની બેટી બચાવો યાત્રાને અનુલક્ષી શહેરની સત્યાગ્રહ છાવણીને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવી હતી.
- સભા સ્થળે સવારે ૯ કલાકથી જ કાર્યકરો આવવાનો પ્રારંભ થઈ ચુક્યો હતો.
- શહેરના કર્મચારીઓ નોકરી જવા માટે ઘરેથી નીકળતા ઘ-૨ થી ઘ-૩ સુધીના માર્ગ પર સવારે ૧૦ થી ૧૧ વાગ્યાના અરસામાં ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.



- સભામાં આગેવાનો, હોદેદારો અને કાર્યકરો કાળા કપડા અને કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ નોંધાવ્યો હતો.
- રેન્જ આઈજી આર.બી. બ્રહ્મભટ્ટ સવારથી જ સભા સ્થળે હાજર જોવા મળ્યા હતા.
- ચા અને પાણીના પાઉચ માટે ફેરીયાઓ ગ્રાઉન્ડ અને કાર્યકરો ઉભા રહ્યા હોય ત્યાં આટાં ફેરા મારતા હતા.
- સભા સ્થળે ૧૦.૩૦ સુધી કાર્યકરો ખરા સમયે બાઈક બગડે નહી તે માટે માઈક ટેસ્ટીંગ કરતા હતા.
- સભા સ્થળે થી કોંગ્રેસના કાર્યકરો આગળ ન પહોંચી જાય તે માટે પોલીસ તંત્ર દ્વારા ચેઈન બનાવવા માટે નવા પાંચ દોરડા મંગાવ્યા હતા.
- કોંગ્રેસના યુવાનો, મહિલાઓ કાર્યકરો અને હોદેદારોમાં સ્ટેજ પાસે બેનર દેખાય તેમ સેલ્ફી ફોટો પાડવાનો ક્રેઝ જોવા મળ્યો હતો.
- કોંગ્રેસના અગ્રણી આગેવાનો ના આવે ત્યાં સુધી સભા સ્થળે સતત દેશભકિતના ગીતો ગુંજતા રહ્યા હતા.




- કોંગ્રેસ પક્ષ દ્વારા લગાવવામાં આવેલ હોડીંગ્સમાં ભુલોની ભરમાર હોવાથી કાર્યકરોમાં ચર્ચાનું કેન્દ્ર બની હતી.
- ગરમીથી કોંગ્રેસના કાર્યકરો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. જયાર ગરમીથી બચવા માટે પ્લેકાર્ડના પંખા બનાવ્યા હતા અને કોંગ્રેસના ઝંડા આગળ રાખતા ગરમીમાં થોડી રાહત મળી હતી.
- સભા સ્થળે બેટી બચાવો યાત્રા સાથે અગ્રણી આગેવાનો બપોરે ૧૨.૪૫ કલાકે સભા સ્થળે આવી પહોચ્યા હતા અને ૧.૩૦ વાગે સભા પુરી થઈ ગઈ હતી.
- કોંગ્રેસના કેટલાક કાર્યકરો સભા સ્થળેથી આગળ વધ્યા જ નહોતા
- કોંગ્રસ પક્ષ દ્વારા કાર્યકરો માટે પીવાના પાણીના પાઉચની વ્યવસ્થા કરાઈ હતી.
- સભા સ્થળ પાસે મોબાઈલ ટોઈલેટની અછત વર્તાઈ હતી.
- પોલીસના જવાનો માટે તંત્ર દ્વારા પહેલેથી જ ફુડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## મહિલા સશક્તિકરણ માટેનો એબીપી ન્યૂઝ અને ગ્લોબલ સીએસઆર એવોર્ડ જીએનએફસી દ્વારા હાંસલ

આ એવોર્ડ સામાજીક કલ્યાણ માટે આજીવિકા આર્થિક મૂલ્યમાં વૃદ્ધિ દ્વારા એ સમાજમાં મહિલાઓને સશક્તિકરણ પ્રત્યે જીએનએફસી દ્વારા પૃષ્ઠિ કરવામાં આવી છે. મુંબઈ ફેબ્રુઆરી ૧૮ ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ (જીએનએફસી) ૨૦૧૬માં ગ્રામિણ મહિલાઓને આજીવિકા પુરી પાડવા માટેના તેના યોગદાન માટે મહિલા સશક્તિકરણની કક્ષામાં પ્રતિષ્ઠિત એબીપી ન્યૂઝ અને ગ્લોબલ સીએસઆર એવોર્ડ હાંસલ કર્યો છે. આ એવોર્ડ મહિલા અને કન્યામાં કંપનીના ફાળા તરીકે છે. જે નીમ પ્રોજેક્ટ જેવા પ્લેગ્મેટીક સોશિયો ઈકોનોમિક કાર્યક્રમોના અમલીકરણ તથા તેમના વિકાસની દિશામાં છે. આ પ્રોજેક્ટ ગુજરાતમાં ૨૨ જિલ્લાના ૪,૦૦૦ ગામડાંઓમાં અમલી છે. જીએનએફસીનો આ અભિગમ યુ એન્ડ જીપી એમ્પેક્ટ એસેસમેન્ટમાં બિરદાવવામાં આવ્યો છે. જેમાં દર્શાવે છે કે, ઘરેલું હિંસા, એસેટ સર્જનમાં વૃદ્ધિ તથા શિક્ષણ ખર્ચાનો સમાવેશ થાય છે. આ સામાજીક વૃદ્ધિ માટે નક્કર ફાઉન્ડેશનના સામાજીક પરિવર્તનનું પણ એક ઉદાહરણ તરીકે છે.

જીએનએફસીએ એબીપી ન્યૂઝ એવોર્ડમાં ગ્લોબલ સીએસઆર અને ૧૫૦ માટેના ૨૦૦ અરજદારો પૈકી આ એવોર્ડ હાંસલ કર્યો છે. આ અરજદારોમાં એસએમઈએસ જાહેર, ખાનગી, સરકારી સાહસો અને એનજીઓનો ૨૦૧૬ના વર્ષ માટે સમાવેશ થાય છે. આ એબીપી ન્યૂઝ અને ગ્લોબલ સીએસઆર એવોર્ડ વર્લ્ડ સીએસઆર ઈન્સ્ટીટ્યૂટ દ્વારા સ્થાપવામાં આવ્યા હતા. જે સોર્ટ લિસ્ટીંગ અને પસંદગીની વિશિષ્ટ ત્રિસ્તરીય પ્રક્રીયાને અનુસરે છે. આ પસંદગી કોર્પોરેટ, સામાજિક જવાબદારીના ક્ષેત્રમાંના નિષ્ણાંતોનાં બનેલા સ્વતંત્ર એસેસર્સ દ્વારા કરવામાં આવી હતી.

## આર.ટી.આઈ.ના ફોર્મ હવે ઓન લાઈન ભરાશે : નગરમાં ૬ સેન્ટર કાર્યરત

રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે પ્રાથમિક શાળામાં પ્રવેશ આપવા માટે હવે ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે. તા ૨૧ ફેબ્રુઆરીથી ફોર્મ ભરવાની પ્રકીયા શરૂ કરી દેવાશે. જયારે આ માટે શિક્ષણ તંત્ર દ્વારા વિવિધ ૬ સેન્ટરો પણ કાર્યરત કરવામાં આવશે. આર ટી ઈ અન્વેય ધો - ૧માં સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. જયારે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સાપેક્ષમાં ૨૫ ટકાને આર ટી ઈ અન્વયે પ્રવેશ આપવા માટે ગતિવિધિ શરૂ કરી દેવામાં આવી છે.

રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે શહેરની સ્વનિર્ભર શાળાઓમાં જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને વિના મુલ્યે પ્રવેશ આપવામાં આવે છે. ગુજરાત સરકાર દ્વારા મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અન્વયે અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં નબળા અને વંચિત જુથના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે.શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક અલગ આવક મર્યાદને ધ્યાને લઈ આ યોજનાનો લાભ આપવામાં આવે છે. દર વર્ષે આ યોજના અન્વયે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેનો લક્ષ્યાંક પણ નિયત કરવામાં આવે છે. પરંતુ આ વખતે આ મામલે કોઈ લક્ષ્યાંક નક્કી કરાયો નથી. જયારે પ્રવેશ માટે પણ ફોર્મ ભરવાની પ્રકીયા ઓનલાઈન કરી દેવાઈ છે. પ્રવેશ ફાર્મ ભરવા અને સ્વીકારવા માટે સમગ્ર રાજયમાં ૪૫૧ કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. જિલ્લા શિક્ષણ તંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ આર ટી ઈ માં પ્રવેશ માટે પ્રથમવાર વાલીઓએ ઓન લાઈન ફોર્મ ભરવાના રહેશે. જેમાં ફોર્મ ભરવાની પ્રકીયાના અંતે પ્રિન્ટ મેળવી નિયત કરાયેલા સેન્ટરને સુપ્રત કરાવાની રહેશે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા આર ટી ઈ પ્રવેશના ફોર્મ સ્વીકારવા માટે આ વખતે વિવિધ ૬ સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. ફોર્મ ભરવાની પ્રકીયા તા ૨૧ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે. જયારે આ પ્રકીયા ૨૦ માર્ચ સુધી કાર્યરત રહેશે. આર ટી ઈ હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને યોજના અંતર્ગત અન્ય પણ લાભો આપવામાં આપવામાં આવે છે. આર ટી ઈ અન્વયે ફોર્મ સ્વીકારવા માટે મહાનગરપાલિકાના વિસ્તારમાં પણ ૬ જેટલા સેન્ટરો કાર્યરત રેહશે. જેમાં સે-૧૬,૭,અને બોરીજની સરકારી પ્રાથમિક શાળા તેમજ સે-૭ જે એમ ચૌધરી શાળા, સે-૨૨ સ્વામિનારાયણ શિશુવિહાર અને સે-૨૩ આર એન પટેલ શાળામાં ફોર્મ સ્વીકારવામાં આવશે.

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, જીઆઈડીસી,
‘ક’ રોડ, સેક્ટર-૨૫, ગાંધીનગર.
ફોન: ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ: ૨૩૨૮૭૧૪૦

**ટેન્ડર નોટીસ**

સંસ્થાના વેઈંગ સ્કેલ (વજન કાંટા)ના મેઈન્ટેનન્સ અને રીપેરીંગના વાર્ષિક કોન્ટ્રાક્ટની કામગીરી માટે રસ ધરાવતી પાર્ટીએ તા. ૨૭/૨/૨૦૧૭ સુધીમાં સંસ્થામાંથી રૂ. ૧૦૦/-માં નિયત ફોર્મ મેળવી તેમાં મેઈન્ટેનન્સ તથા રીપેરીંગના વાર્ષિક કોન્ટ્રાક્ટના ભાવ તેમજ જરૂરી વિગતો ભરી તા. ૨/૩/૨૦૧૭ સુધીમાં પરત આપવા જણાવવામાં આવે છે.

ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તમામ હક્ક સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

**મેનેજીંગ ડિરેક્ટરશ્રી**